# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે - સાંજે અમદાવાદમાં પાંચ હજાર 400 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે.

2) પ્રધાનમંત્રી આજે દિલ્હીમાં તેમના ફિજી સમકક્ષ સિતેની રાબુકા સાથે વાતચીત કરશે.

3) રશિયામાં ભારતીય રાજદૂત વિનય કુમારે કહ્યું રાષ્ટ્રીય હિતનું રક્ષણ કરવા ભારત જ્યાં પણ ઉપલબ્ધ હશે ત્યાંથી સસ્તું તેલ ખરીદવાનું ચાલુ રાખશે.

4) ગુજરાત સહિત દેશના ઉત્તરપશ્ચિમ ભાગોમાં આગામી બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી.

5) રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે ભારત 2047 સુધીમાં, વિશ્વના ટોચના પાંચ રમતગમત રાષ્ટ્રોમાં સ્થાન મેળવવાની નેમ ધરાવે છે.

6) કેનેડામાં વિશ્વ યુવા તીરંદાજી ચેમ્પિયનશિપમાં ભારતની શર્વરી સોમનાથ શિંદેએ સુવર્ણ ચંદ્રક જીત્યો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે રહેશે. તેઓ આજે સાંજે અમદાવાદમાં પાંચ હજાર 400 કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી અમદાવાદના નિકોલમાં ખોડલધામ મેદાનમાં જનસભા પણ સંબોધશે. સત્તાવાર યાદી મુજબ, શ્રી મોદી હરિદર્શન સર્કલથી રોડ શૉ યોજી સભાસ્થળ પર પહોંચશે.

સાંભળીએ એક અહેવાલ.

(V/C- APARNA KHUNT)

પ્રવાસના બીજા દિવસે આવતીકાલે શ્રી મોદી અમદાવાદના હંસલપુરથી હાઈબ્રિડ બૅટરી ઇલેક્ટ્રૉડના સ્થાનિક એકમ અને 100 દેશ માટે બૅટરી વિદ્યુત વાહન નિકાસનો પ્રારંભ કરાવશે.

# FIJI-PM-INDIA-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં તેમના ફિજી સમકક્ષ સિતેની રાબુકા સાથે વાતચીત કરશે. ફિજીના પ્રધાનમંત્રી ગઈકાલે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની સાથે તેમના પત્ની સુલુએતી રાબુકા પણ છે. પ્રતિનિધિમંડળમાં આરોગ્ય અને તબીબી સેવાઓ મંત્રી, રતુ એટોનિયો લાલાબાલાવુ અને વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ ગઈકાલે ફિજી પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી હતી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી રાબુકાની ભારતની પહેલી મુલાકાત છે.

ફિજીના પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે. આ મુલાકાત ભારત અને ફિજી વચ્ચેના લાંબા ગાળાના અને સ્થાયી સંબંધો પર ભાર મૂકે છે. બંને દેશો તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા પ્રતિબધ્ધ છે.

# INDIAN-AMBASSADOR-OIL

રશિયામાં ભારતીય રાજદૂત વિનય કુમારે જણાવ્યું કે ભારત તેના રાષ્ટ્રીય હિતનું રક્ષણ કરવા માટે દરેક પગલાં લેશે અને જ્યાં પણ ઉપલબ્ધ હશે, ત્યાંથી સસ્તું તેલ ખરીદવાનું ચાલુ રાખશે.

રશિયન સમાચાર એજન્સીને આપેલા ઇન્ટરવ્યુમાં, શ્રી વિનય કુમારે જણાવ્યું હતું કે રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે ભારતથી આયાત પર ડ્યુટી ૨૫ ટકા વધારીને કુલ ૫૦ ટકા કરવાનો અમેરિકાનો નિર્ણય સંપૂર્ણપણે અન્યાયી અને અસંગત છે. તેમણે કહ્યું કે ભારતની ઊર્જા નીતિનો હેતુ તેના નાગરિકોને વિશ્વસનીય પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે અને રશિયા અને અન્ય દેશો સાથેના તેના સહયોગથી વૈશ્વિક તેલ બજારની સ્થિરતામાં ફાળો મળ્યો છે.

શ્રી વિનય કુમારે કહ્યું કે ભારત અને રશિયાનો વેપાર પરસ્પર હિત અને બજાર પરિબળો દ્વારા સંચાલિત છે. તેમણે કહ્યું કે અમેરિકા અને યુરોપિયન દેશો સહિત અન્ય દેશો પણ રશિયા સાથે વેપાર કરે છે.

# IMD-WAETHER

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ માટે દેશના ઉત્તરપશ્ચિમ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આવતીકાલ સુધી ગુજરાત, ઓડિશા, રાજસ્થાન અને ઉત્તરાખંડમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, બિહાર, છત્તીસગઢ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, હરિયાણા, પંજાબ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીરમાં પણ આવતીકાલ સુધી અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SUBHANSHU-LUCKNOW

ગગનયાન મિશન હેઠળ ભારતના પ્રથમ માનવયુક્ત અવકાશ ઉડાન મિશન માટે પસંદ કરાયેલા અવકાશયાત્રીઓનું સન્માન કરવામાં આવ્યું. આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ઐતિહાસિક મિશન પૂર્ણ કર્યા પછી, અવકાશયાત્રી શુભાંશુ શુક્લા આજે તેમના વતન લખનૌ પરત ફરી રહ્યા છે,

ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણીમાં આ પ્રમાણે જણાવ્યુ....

(BYTE: SHUBHANSHU-SHUKLA)

# MANDAVIYA-INDIA-SPORTS

રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે, ભારત 2047 સુધીમાં, દેશની સ્વતંત્રતાની શતાબ્દી સુધીમાં વિશ્વના ટોચના પાંચ રમતગમત રાષ્ટ્રોમાં સ્થાન મેળવવાની નેમ ધરાવે છે.

અમદાવાદ ખાતે કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી માંડવિયાએ કહ્યું કે, રમતગમત ક્ષેત્રમાં ઘણા સુધારાઓ કરવામાં આવ્યા છે. . મંત્રીએ કહ્યું કે, દેશમાં રમતગમત ઇકોસિસ્ટમ બનાવવાની સમયની જરૂરિયાત છે અને સરકાર તે બનાવવા માટે સમર્પિત છે.

શ્રી માંડવિયાએ કહ્યું કે, ગયા સંસદ સત્રમાં સરકારે રમતગમત શાસન વિધેયક રજૂ કર્યું હતું, જે રાષ્ટ્રીય રમતગમત ફેડરેશનમાં મહિલાઓના પ્રતિનિધિત્વને મહત્વ આપે છે.

# ARCHERY

કેનેડાના વિનિપેગમાં આયોજિત વિશ્વ યુવા તીરંદાજી ચેમ્પિયનશિપમાં અઢાર વર્ષથી ઓછી વય વિભાગમાં વ્યક્તિગત સ્પર્ધામાં ભારતની શર્વરી સોમનાથ શિંદેએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

શર્વરીએ રોમાંચક ફાઇનલમાં દક્ષિણ કોરિયાની કિમ યેવોનને ૬-૫થી હરાવી હતી. શર્વરી શિંદે આ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતનાર બીજી ભારતીય મહિલા છે.

# SA-PRESIDENT-EUROPEAN-LEADERS

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ સિરિલ રામાફોસાએ રશિયા-યુક્રેન શાંતિ પ્રયાસો અંગે ચર્ચા કરવા માટે યુરોપિયન નેતાઓ સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. રાષ્ટ્રપ્રમુખ રામાફોસાએ યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકી, ફ્રેન્ચ રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન અને ફિનિશ રાષ્ટ્રપ્રમુખ એલેક્ઝાન્ડર સ્ટબ સાથે વાત કરી છે.

રાષ્ટ્રપ્રમુખના પ્રવક્તા, વિન્સેન્ટ મેગ્વેનિયાએ માહિતી આપી કે બધી ચર્ચાઓમાં, યુરોપિયન નેતાઓએ પોતાના દ્રષ્ટિકોણ રજૂ કર્યા હતા, સંઘર્ષમાં બંને પક્ષો સાથે જોડાણમાં દક્ષિણ આફ્રિકાની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

રાષ્ટ્રપ્રમુખ રામાફોસાને રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવાના હેતુસરના પ્રયાસોને સમર્થન આપવા માટે દ્રઢ પ્રતિબદ્ધતા પ્રદાન કરી હતી.

મેગ્વેનિયાએ જણાવ્યું કે રામાફોસા આગામી દિવસોમાં અન્ય યુરોપિયન નેતાઓ સાથે વાત કરશે અને રાષ્ટ્રપ્રમુખએ યુક્રેન અને રશિયા વચ્ચે શાંતિ જાળવી રાખવા માટે તમામ પક્ષોને વિનંતી કરી છે.

આ ઘટના અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિન, યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકી અને અન્ય ઘણા યુરોપિયન નેતાઓ સાથે યોજાયેલી બેઠકો બાદ બની છે.

# ISRAEL-GAZA-OFFENSIVE

ઇઝરાયલે ગાઝા પર હુમલા ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. ઇઝરાયલના સંરક્ષણ પ્રધાન ઇઝરાયલ કાત્ઝે જણાવ્યું હતું કે ઇઝરાયલ સંરક્ષણ દળ હમાસને હરાવવા, તમામ બંધકોને મુક્ત કરવાની ખાતરી કરવા અને યુદ્ધનો અંત લાવવા માટે સંપૂર્ણ તાકાતથી હુમલો કરવાનું ચાલુ રાખશે.

શ્રી કાત્ઝે શુક્રવારે કહ્યું હતું કે જો હમાસ તમામ બંધકોને મુક્ત કરવાની અને યુદ્ધનો અંત લાવવા માટે ઇઝરાયલના કાયમી સુરક્ષા નિયંત્રણની શરતો સાથે સંમત નહીં થાય, તો ગાઝાનો નાશ કરવામાં આવશે. અગાઉ, ઇઝરાયલી સેનાએ કહ્યું હતું કે તેણે ઉત્તરી ગાઝા પટ્ટીમાં જબાલિયા પર હુમલાઓ વધારી દીધા છે. સેનાએ કહ્યું હતું કે વધારાના વિસ્તારોમાં હુમલાઓ વધારવાનો હેતુ હમાસના લડવૈયાઓને ફરીથી એકઠા થતા અટકાવવાનો છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રીટા દવે

- **આજના તમામ અખબારોએ વિવિધ સમાચારને મુખ્ય શીર્ષકમા સ્થાન આપ્યું છે . ગુજરાત સમાચાર લખે છે ભારતના સુદર્શન ચક્ર અભિયાનને અદભૂત સફળતા. ---- ભારતના સ્વદેશી સુદર્શન ચક્રનું સફળ પરીક્ષણ-IADWS ની તાકાત જોઈને પાક ચીનના હોંશ ઊડી જશે---આ સંદેશનું મુખ્ય શીર્ષક છે. .**
- **ફૂલછાબે યુક્રેનના રશિયાના અણુ પ્લાન્ટ પરના હુમલાના સમાચારને મુખ્ય સ્થાન આપ્યું છે તો નવગુજરાત સમય પણ આ જ સમાચારને મુખ્ય મથાળે છાપતાં લખે છે કે યુક્રેનના રશિયા પર હુમલા, અણુવિજ પ્લાન્ટમાં આગ.**
- **રાજસ્થાન પત્રિકા એ મુખ્ય માથાળામાં લખ્યું ..નઈ તસવીર ..રંગારેડ્ડી બના દેશકા સબ સે અમીર જિલ્લા , જયપુર જોધપુર ભી કાર સકતે હૈ કમાલ...**